# માસ્ટર શેફ વિકાસ ખન્ના દિગ્દર્શિત પ્રથમ ફિલ્મ 'ધ લાસ્ટ કલર'નું ઑસ્ટ્રેલિયામાં પ્રીમિયર

આંતરરાષ્ટ્રીય સ્તરે માસ્ટર શેફ તરીકે જાણીતા વિકાસ ખન્નાએ સ્વલિખિત પુસ્તક ધ લાસ્ટ કલર પરથી એ જ નામની ફિલ્મ દિગ્દર્શિત કરી છે. આ ફિલ્મમાં વૃંદાવનના વિધવાશ્રમમાં રહેતી વૃદ્ધાઓના જીવનની કથા છે. ફિલ્મમાં વિધવાની મુખ્ય ભૂમિકા અભિનેત્રી નીના ગુપ્તાએ ભજવી છે. તે વર્ષો જૂની પરંપરામાં જકડાઇને જીવન જીવતી હોય છે. તેને એક નવ વર્ષની બાળકી મળે છે. આ બાળકીનું પાત્ર અક્સા સિદ્દિકીએ ભજવ્યું છે. નીના સાથે તેની દોસ્તી થાય છે અને તે તેના રંગહીન જીવનમાં રંગો ભરવાનું શરૂ કરે છે. આ ફિલ્મનું પ્રીમિયર ઓસ્ટ્રેલિયામાં યોજાનારા ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ન ૨૦૧૯માં થશે. અગાઉ કેટલાક આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં ધ લાસ્ટ કલરની રજૂઆત થઇ હતી અને નીનાના અભિનય તથા ઉત્તમ ફિલ્માંકન બાબતે પ્રશંસા મેળવી ચૂકી છે.

